# ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ

## પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ

રજી. અને કોર્પોરેટ ઓફિસ, નાના મવા મેઇન રોડ, લક્ષ્મીનગર, રાજકોટ – ૩૬૦ ૦૦૪
CIN: U40102GJ2003SGC042908;
ફોન નંબર : (૦૨૮૧) ૨૩૮૦૪૨૫, ૨૩૮૦૪૨૭; ફેક્સ : ૨૩૮૦૪૨૮;
ઈ-મેલ : forum.pgvcl@gebmail.com; વેબસાઈટ : www.pgvcl.com

પીજીવીસીએલ/સીજીઆરએફ/૧૭/ક્વા-૦૧/૨૦૨૨-૨૩/ ૩૭૭૦-૩ તારીખ : ૩૧ - ૦૫ - ૨૦૨૨

<u>રજી. એડી. પત્ર</u>

પ્રતિ,
મે. એક્સેલ સિરામીક પ્રા. લિ.
મોરબી-વાંકાનેર હાઈ વે,
મું. પો. : મકનસર, તા. : મોરબી, જી. : મોરબી,
પીન કોડ. : ૩૬૩૬૪૨
મોબાઈલ : ૯૮૨૫૨૨૩૪૭૬

વિષય : એચ ટી સોલાર બીલમાં લગાડેલ વિદ્યુત શુલ્ક (૧૫%) રીફંડ આપવા અંગે.

સંદર્ભ: આપશ્રીની રજુઆત પત્ર નંબર : Nil, તા. ૨૪-૦૪-૨૦૨૨.
( અત્રેના ફોરમની નોંધણી નંબર : ૧૭/ક્વા-૦૧/૨૦૨૨-૨૩ )

મહોદયશ્રી,

આપશ્રી દ્વારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ સમક્ષ કરવામાં આવેલ અરજીના ચુકાદાની પ્રમાણિત નકલ આ સાથે સામેલ છે.

જે આપશ્રીને સુવિદિત થાય, આપના સહકાર સહ, આભાર સહ.

આપનો વિશ્વાસુ,

( સી. જે. ગજેરા )
કા.વા. કન્વીનર
ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,
પ.ગુ.વી.કં.લી., રાજકોટ

બિડાણ : ઉપર મુજબ.

નકલ સાદર રવાના :

(૧) અધિક્ષક ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., વર્તુળ કચેરી, મોરબી.

(૨) કાર્યપાલક ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., વિભાગીય કચેરી, મોરબી.

સદર નિર્ણયપત્રની નકલ આપશ્રીને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નામદાર ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ ( ગ્રાહક તકરાર નિવારણ ફોરમ અને લોકપાલ ) વિનિયમો-૨૦૧૧, જાહેરનામા નં.- ૦૨/૨૦૧૯ ની વિનિયમ નં.- ૨.૫૪ અનુસાર, સદર હુકમના પાલન અંગે થયેલ કાર્યવાહીનો અહેવાલ અત્રેની ફોરમ કચેરીને અચૂક મોકલી આપવા વિનંતી.

# ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ, રાજકોટ

પી.જી.વી.સી.એલ. રજી. અને કોર્પોરેટ કચેરી, લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ

**CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com**

**E-Mail- forum.pgvcl@gebmail.com**

પી.જી.વી.સી.એલ./સીજીઆરએફ/૧૭/ક્વા-૧/૨૨-૨૩/3990-3 તા.૩૧.૦૫.'૨૨

૨૦૦૩ ના ભારતીય વીજળી અધિનિયમની કલમ ૪૨ (૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) અગાઉના નોટીફીકેશન નં.૦૨/૨૦૧૧ હેઠળ રચાયેલ તેમજ પ્રવર્તમાન નોટીફીકેશન નં.૦૨/૨૦૧૯ મુજબના ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ (CGRF)પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ, રાજકોટ સમક્ષ નોંધાયેલ ફરીયાદ.

**Case No.PG-૧૭/ક્વા-૧/૨૨-૨૩**

અરજદાર : મે. એક્ષેલ સિરામીક પ્રા. લિ. ગામ: મકનસર

રજૂઆત કરનાર : અરજદાર વતી તેના સુરેશભાઈ પટેલ – ડાયરેક્ટર, એક્ષેલ સિરામીક પ્રા. લિ. અને તેમની સાથે શ્રી વી.વી.પટેલ હાજર રહેલ છે.

## :: વિરુધ્ધ ::

સામાવાળા : કાર્યક્ષેત્ર : પી.જી.વી.સી.એલ. વિભાગીય કચેરી - મોરબી

રજૂઆત કરનાર : શ્રી પી.પી.બાવરવા, કાર્યપાલક ઈજનેર અને શ્રીમતી એમ.એમ.પંડ્યા, અધિક્ષક હિસાબનીશ પી.જી.વી.સી.એલ., વિભાગીય કચેરી નં -૨ મોરબી હાજર રહેલ છે.

## :: કોરમ ::

૧) ચેરપર્સન - શ્રી એન.સી.મકવાણા

૨) સભ્ય(ટેકનીકલ) - શ્રી ડી.વી.લાખાણી

૩) સભ્ય (સ્વતંત્ર) - શ્રીમતી નિતીનાબેન એચ. જોષી

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Rajkot

તારીખ : ૧૯-૦૫-૨૦૨૨ (ગુરુવાર)

સુનાવણી સ્થળ : કોન્ફરન્સ હોલ, પીજીવીસીએલ, વર્તુળ કચેરી, મોરબી

૧.૦ સદર કેસની સુનાવણી તા.૧૯-૦૫-૨૦૨૨ (ગુરુવાર) ના રોજ રાખવામાં આવેલ હતી. જેમાં ઉપર મુજબના પક્ષકારો હાજર રહેલ હતા.

## :: અરજદારની રજૂઆત ::

૨.૦ અરજદાર રજુઆતમાં જણાવે છે કે તેઓ મોરબી તાલુકાના મકનસર ગામે ૧૩૫૦ KVA નું HT ગ્રાહક નં.૨૬૦૧૧ થી વીજજોડાણ ધરાવે છે. અરજદારે નવી સોલાર પોલીસી No: SLR/11/2020/77/B1, dt.29.12.2020 મુજબ જામનગર જીલ્લાના ધ્રોલ તાલુકાના માણેકપર ગામે ૧૯૫૬ KW નો કેપ્ટીવ સોલાર પ્લાન્ટ સપ્ટેમ્બર ૨૦૨૧ થી ચાલુ કરેલ છે. ડિસે.-૨૦૨૧ ના બીલની ગણતરી ચેક કરતા માલુમ પડેલ છે કે બોર્ડ ચાર્જીસ રૂ.૪૦૨૦૧૧૯.૮૫ છે તેના ૧૫% મુજબ રૂ.૬૦૩૦૧૭.૯૮ વિદ્યુત શુલ્ક તરીકે લીધેલ છે તે નિયમ વિરુદ્ધ છે નવી સોલાર પોલીસી No: SLR/11/2020/77/B1 dt.29.12.2020 મુજબ એટલેકે ગુજરાત સોલાર પાવર પોલીસી ૨૦૨૧ અંતર્ગત સ્થપાનાર સોલાર પાવર પ્લાન્ટથી ઉત્પાદીત સોલાર ઉર્જાના વપરાશ પર ગુજરાત

વિદ્યુત શુલ્ક અધિનિયમ, ૧૯૫૮ ની પ્રવર્તમાન જોગવાઈ અનુસાર કોઈ વીજકર લાગુ કરવાનો રહેતો નથી. જેથી બીલમાં માહે સપ્ટેમ્બર-૨૦૨૧ થી સોલાર પાવર પ્લાન્ટથી ઉત્પાદીત યુનિટ પર વીજકર લગાડેલ છે તે રીફંડ આપવા અરજદારે અત્રેના ફોરમ સમક્ષ રજૂઆત કરેલ છે.

૨.૧ અરજદાર વધુમાં જણાવે છે કે સ્વ ઉત્પાદિત વીજળી ઉપર વીજકરનો દર પ્રતિ યુનિટ હોય છે, દા.ત. રહેણાંક વીજકરનો દર પ્રતિ યુનિટ ૧૦ પૈસા ગ્રામ્ય વિસ્તાર અને શહેરી વિસ્તાર ૨૦ પૈસા દર પ્રતિ યુનિટ, તેમજ કારખાના માટે કોલસા અને D.G સેટ સ્વ ઉત્પાદિત વીજળી ઉપર વીજકરનો દર પ્રતિ યુનિટ ૫૫ પૈસા છે. જ્યારે અરજદારના બીલમાં બોર્ડ ચાર્જીસના ૧૫% મુજબ વિદ્યુત શુલ્ક તરીકે લીધેલ છે તે તદન ગેરવ્યાજબી છે તેમજ TIME OF USE પણ રૂ.૧૭૧૮૭૦/- પ્રતિ યુનિટ રૂ. ૦.૮૫ પણ અરજદારના સોલાર ઉત્પાદન ઉપર દરેક બીલમાં લીધેલ છે જે સોલાર પોલીસી વિરુધ હોય રીફંડ આપવા અરજદાર દ્વારા અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજૂઆત કરેલ છે.

## :: પી.જી.વી.સી.એલ.ની રજૂઆત ::

૩.0 અરજદારની રજૂઆત અન્વયે - પી.જી.વી.સી.એલ. પક્ષકાર તરફથી જણાવાયેલ કે એચ.ટી. વીજજોડાણ નં.26011, મે. એક્સેલ સિરામિક પ્રા.લી. (1350 KVA) ધરાવે છે. જેમાં અરજદાર દ્વારા કેપ્ટિવ સોલાર પ્લાન્ટ સપ્ટેમ્બર- 2021 થી 1931 KW કેપેસીટીનો સોલાર પાવર પ્લાન્ટ ધ્રોલ તાલુકાના માણેકપર ગામે સરકારની નવી સોલાર પોલીસી SLR/11/2020/77781 Dt.29/12/2020 મુજબ ચાલુ કરેલ છે.

૩.૧ સરકારશ્રીના ઠરાવ નં.SLR/11-2015/2442/BI Dt.26/09/2019 થી સોલાર પાવર પોલીસી 2015 માં કરાયેલ સુધારા અંતર્ગત જાહેરનામાં અનુસાર જે એકમોને અરજદારના વીજજોડાણની કોન્ટ્રાક્ટ ડીમાન્ડના 50% થી વધુ ક્ષમતાથી પૂરી પડાતી સૌર ઉર્જા પર તા.૨૦/૦૬/૨૦૨૦ ના જાહેરનામાં અનુસાર વીજકર વસુલવાનો રહે છે. જે મુજબ અરજદારના સોલાર પ્લાન્ટની કેપેસીટી ઉર્જા વિભાગ દ્વારા બહાર પાડવામાં આવેલ સોલાર પાવર પોલીસી 2021 મુજબ હોય, જેમાં વિદ્યુત શુલ્ક સમાહર્તાની કચેરી દ્વારા બહાર પાડવામાં આવેલ પરિપત્ર નં. સી./સચન/૨૦૨૦/૧૭૦૭૦ તા.૩૧/૧૨/૨૦૨૦ મુજબ કોઈ વિજકર લાગુ કરવાનો રહેતો નથી જેથી અરજદારના બીલમાં વસુલવામાં આવેલ વિદ્યુત શુલ્ક (વિજકર) નિયત સમયમાં જમા આપવામાં આવશે.

૩.૨ અરજદારની રજૂઆત અન્વયે Time Of Use ચાર્જ અંગે અરજદારનો સોલાર પ્લાન્ટ 2021 ની પોલીસી પ્રમાણે કાર્યરત થયેલ હોય તે મુજબ 07:00 થી 18:00 વાગ્યા સુધીનું જનરેશન જે તે દિવસમાં સેટઓફ આપવાના હોય, પોલીસી મુજબ Time Of Use ચાર્જ બરાબર રીતે જ વસુલવામાં આવેલ છે, જે રીફંડ આપવાપાત્ર નથી.

## :: હુકમ ::

૪.0 અરજદારે કરેલ લેખિત તેમજ મૌખિક રજૂઆત તથા સામાવાળાની લેખિત તેમજ મૌખિક રજૂઆત અને રજૂ કરાયેલા દસ્તાવેજી પુરાવાઓના આધારે ફોરમ દ્વારા નીચે મુજબનો નીર્ણય કરાયેલ છે.

૪.૧ અરજદાર મે. એક્સેલ સિરામિક પ્રા.લી. (1350 KVA) ના નામે એચ.ટી. વીજજોડાણ ગ્રાહક નં.26011 થી ધરાવે છે. જેમાં અરજદાર દ્વારા કેપ્ટિવ સોલાર પ્લાન્ટ સપ્ટેમ્બર-2021 થી 1931 KW કેપેસીટીનો ધ્રોલ તાલુકાના માણેકપર ગામે સરકારની નવી સોલાર પોલીસી SLR/11/2020/77781 Dt.29/12/2020 મુજબ ચાલુ કરેલ છે.

૪.૨ અરજદારની અરજી મુજબ તેઓએ સ્થાપેલ સોલાર પાવર પ્લાન્ટ ઉર્જા વિભાગ દ્વારા બહાર પાડવામાં આવેલ સોલાર પાવર પોલીસી 2021 મુજબ હોય, જેમાં વિદ્યુત શુલ્ક સમાહર્તાની કચેરી દ્વારા બહાર પાડવામાં આવેલ પરિપત્ર નં. સી./સચન/ ૨૦૨૦/૧૭૦૭૦ તા.૩૧/૧૨/૨૦૨૦ મુજબ - સોલાર પાવર પ્લાન્ટથી ઉત્પાદીત સૌરઉર્જાના વપરાશ પર ગુજરાત વિદ્યુત શુલ્ક અધિનિયમ, ૧૯૫૮ની પ્રવર્તમાન જોગવાઇ અનુસાર હાલમાં કોઇ વીજકર લાગુ કરવાનો રહેતો નથી. તેમ છતાં પીજીવીસીએલ દ્વારા સદર બાબતે વીજકરની આકારણી કરેલ હોય, જે રીફંડ મેળવવા માટે અરજદારે અત્રેના ફોરમ સમક્ષ રજૂઆત કરેલ છે.

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Rajkot

૪.૩ અરજદારની ઉપરોક્ત રજૂઆત અન્વયે પીજીવીસીએલ પક્ષકાર દ્વારા અરજદારની સદર ફરિયાદને સંલગ્ન ગુજરાત સોલાર પાવર પોલીસી – ૨૦૨૧ અંતર્ગત વિદ્યુત શુલ્ક બાબતે વિદ્યુત શુલ્ક સમાહર્તાની કચેરી ગાંધીનગરના પત્ર નં - સી./સચન/ ૨૦૨૦/૧૭૦૭૦ તા.૩૧/૧૨/૨૦૨૦ મુજબ "ગુજરાત સોલાર પાવર પોલીસી – ૨૦૨૧ અંતર્ગત સ્થપાનાર સોલાર પાવર પ્લાન્ટથી ઉત્પાદીત સૌરઉર્જાના વપરાશ પર ગુજરાત વિદ્યુત શુલ્ક અધિનિયમ, ૧૯૫૮ની પ્રવર્તમાન જોગવાઇ અનુસાર હાલમાં કોઇ વીજકર લાગુ કરવાનો રહેતો નથી.

વધુમાં જણાવવાનું કે સરકારશ્રીના ઠરાવ નં. SLR/11-2015/2442/B1, તા.૨૬.૦૯.૨૦૧૯ થી સોલાર પાવર પોલીસી ૨૦૧૫માં કરાયેલ સુધારા અંતર્ગત સ્થપાયેલ MSME મેન્યુફેકચરીંગ એકમોને તેમના વીજજોડાણની કોન્ટ્રાકટ ડીમાન્ડના ૫૦ ટકા થી વધુ ક્ષમતાથી પુરી પડાતી સૌરઉર્જા પર જાહેરનામાં નં – GHU/2020/(42) ELD/12/2019/1768/E Dtd:20-06-20 હેઠળના જાહેરનામા અનુસાર વીજકર વસુલવાનાં રહે છે. આવી વીજકરની વસુલાત સંબંધિત લાયસન્સીએ ગુજરાત વિદ્યુત શુલ્ક અધિનિયમ, ૧૯૫૮ના લાગુ પડતા પરિશિષ્ટ (૧ અને ૨ એટલે કે કેપ્ટીવ સોલારના કિસ્સામાં પરિશિષ્ટ-૨ તથા તે સિવાયના કિસ્સામાં પરીશિષ્ટ-૧) માં નિયત કરાયેલ દરે કરવાની રહે છે..........."

૪.૪ અરજદારની રજૂઆત અન્વયે પીજીવીસીએલ દ્વારા પત્ર નં PGVCL/R&C/4168 Dtd:13.09.2021 થી અરજદારને સોલાર પાવર પ્લાન્ટ ૧.૯૩૧ MW અંતર્ગત કરેલ Wheeling એગ્રીમેન્ટ સોલાર પાવર પોલીસી – ૨૦૨૧ હેઠળ થયેલ હોય, જે અનુસંધાને પીજીવીસીએલની લેખિત રજૂઆત તા.૧૮.૦૫.૨૦૨૨ મુજબ અરજદારના બીલમાં કોઈ વીજકર લાગુ કરવાનો રહેતો ન હોવાથી અરજદારના બીલમાં વસુલવામાં આવેલ વિદ્યુત શુલ્ક નિયત સમયમાં જમા આપવામાં આવશે જેની જાણકારી અરજદારને કરેલ છે. તેમજ સોલાર પ્લાન્ટ – ૨૦૨૧ ની પોલીસી મુજબ અરજદાર અને પીજીવીસીએલ વચ્ચે થયેલ એગ્રીમેન્ટની શરત નં-૮ એ(૧) HT/EHT consumers: The set off of wheeled solar energy shall be given between 07:00 to 18:00 hours basis of same day" જે અંતર્ગત Time Of Use ચાર્જ બરાબર રીતે જ વસુલવામાં આવેલ છે, જે રીફંડ આપવાપાત્ર નથી. સદર બાબતની જાણકારી અરજદારને સદર સુનાવણી દરમ્યાન પીજીવીસીએલ દ્વારા ફોરમ સમક્ષ જણાવતા થયેલ કાર્યવાહી અરજદારને સંતોષકારક જણાતા કોઈ ફરિયાદ રહેતી નથી.

૪.૫ સોલાર પાવર પોલીસી – ૨૦૨૧ અંતર્ગત અરજદારના બિલીંગ ખાતામાં ઉધારેલ વિજકરની રકમને જમા આપવા માટેનું વિગતવાર ગણતરીપત્રક અરજદાર તેમજ અત્રેના ફોરમને દિવસ-૨૦ માં પાઠવવું અને તે મુજબ દિવસ-30 માં જમા આપવા માટે પીજીવીસીએલ પક્ષકારને સુચના આપવામાં આવે છે.

૪.૬ ઉપરોક્ત મુદ્દા નં. ૪.૪ અને ૪.૫ મુજબની વિગતે હુકમ કરવામાં આવે છે, સદર બાબતે થયેલ કાર્યવાહીનો વિગતવાર રીપોર્ટ અત્રેના ફોરમને આપવા પીજીવીસીએલ પક્ષકારને સુચના આપવામાં આવે છે.

૪.૭ આ સાથે અરજદારની અરજી ફેસલ કરવામાં આવે છે.

| | | |
|---|---|---|
| (એન.એચ.જોષી) | (શ્રી ડી.વી.લાખાણી) | (એન.સી.મકવાણા) |
| સભ્ય (સ્વતંત્ર) | સભ્ય (ટેક) | ચેરપર્સન |

નોંધ: અરજદાર સદર હુકમથી નારાજ હોય તો સદર હુકમ મળ્યાની તારીખથી દિન ૩૦ માં વિદ્યુત લોકપાલમાં રજૂઆત કરી શકે છે. આ રજૂઆત કરવા માટે ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો' ૨૦૧૯ જાહેરનામા નં.૨/૨૦૧૯ની કલમ ૩.૧૯ મુજબની બધી શરતો સંતોષવામાં આવેલ હશે તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે અને કલમ ૩.૧૯ (૮) મુજબ ફરિયાદીએ જરૂરી હોય તો ફોરમના હુકમના સંદર્ભમાં પરવાનેદાર પાસે એક તૃતીયાંશ રકમ જમા કરાવી હોય અને કરેલ ચૂકવણીની સાબિતી રજૂ કરી હોય. તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે. લોકપાલશ્રીની કચેરીનું સરનામું: વિદ્યુત લોકપાલની કચેરી, જુના પાવર હાઉસ કમ્પાઉન્ડ, કનકરોડ, ત્રિકોણ બાગ, રાજકોટ-૩૬૦૦૦૧